# કાકાની મિલકત પર મને હક ન પહોંચે...

**મમ્મી તું ક્યારે બેંગલોર જાય છે? કિરણે ખૂબ હેત અને ઉત્સાહથી છલકાતા અવાજે પૂછ્યું.નીરુબેને કંઈ જવાબ ના આપ્યો. તીક્ષ્ણ નજરે દીકરા સામે જોઈ રહ્યાં. કિરણની સાથે એની વહુ કૃતિ આવી છે પણ નીરુબેને એની સામેય ના જોયું.**

**અવંતિકા ગુણવંત.** aarpar@gmail.com



મમ્મી તું ક્યારે બેંગલોર જાય છે ? કિરણે ખૂબ હેત અને ઉત્સાહથી છલકાતા અવાજે પૂછ્યું.

નીરુબેને કંઈ જવાબ ના આપ્યો. તીક્ષ્ણ નજરે દીકરા સામે જોઈ રહ્યાં. કિરણની સાથે એની વહુ કૃતિ આવી છે પણ નીરુબેને એની સામેય ના જોયું.

છતાંય કૃતિ કિરણને ઠપકો આપતી હોય એમ બોલી તમેય શું આમ પૂછો છો, આટલી લાંબી વાટે આ ઉંમરે મમ્મી એકલાં જશે? તમારે સાથે જવું પડશે. મમ્મીને એકલાં મોકલતાં મારો તો જીવ ના ચાલે.

હા,હા, હું મમ્મીની સાથે જઈશ. મમ્મી કહે એ દિવસથી હું રજા મૂકી દઉં. બોલ, મમ્મી વિમાનમાં જવું છે ને તો આપણા બેની ટિકિટ બુક કરાવી લઉં.

નીરૂબેન હજી કંઈ બોલતા નથી પણ ચહેરા પર ગુસ્સો તમતમી ઊઠ્યો હતો. કિરણ અને કૃતિ બેવકૂફ નથી. તેઓ નીરુબેનના ચહેરાના ભાવ કળી ગયાં હતાં છતાં એ જોયું ના જોયું કરીને બોલે જતા હતા.

કૃતિ બોલી હા હા મમ્મી વિમાનમાં જ જાઓ. નકામી ટ્રેઈનની હાડમારી ના વેઠશો. આકાશમાં ઊડવાની મઝા જ ઓર છે.

મારી પાસે વિમાનના પૈસા નથી નિર્લેપ સૂરે નીરુબેન બોલ્યાં.

પણ મારી પાસે તો છે ને, મમ્મી તું પૈસાની ચિંતા ના કરીશ. આપણે હવે તો વિમાનમાં જ જવું જોઈએ. બને એટલું વહેલા પહોંચવું સારું છે. આ તો મિલકતનો મામલો છે એમાં રાહ ના જોવાય. વખત ના બગાડાય.

કિરણ અને કૃતિ નીરૂબેનને બેંગલોર મોકલવા આટલાં ઉતાવળાં કેમ છે? વાત એવી છે કે નીરુબેનના એક કાકા ચંદુકાકા બેંગલોરમાં નિઃસંતાન ગુજરી ગયા છે. તેઓ ભણીને બેંગલોરમાં સ્થાયી થયા હતા. તેઓ એમના વસિયતનામામાં બધી મિલકત નીરૂબેનના નામે કરીને ગયા હતા. કુટુંબમાં નીરૂબેન સિવાય બીજા કોઈ વારસદાર ન હતા. ચંદુકાકાના અવસાન પછી એમના સોલિસિટરે ચંદુકાકાના વિલની નીરૂબેનને જાણ કરી હતી ને બેંગલોર આવી જવા જણાવ્યું હતું.

નીરૂબેન ત્રીસ વર્ષની ઉંમરે વિધવા થયાં હતાં ત્યારે આ દીકરો કિરણ આઠ વર્ષનો હતો. ઘરમાં સાસુ, સસરા, દિયર, જેઠ કોઈ ન હતું. પિયરમાં માબાપ કે ભાઈબેન ન હતા. ભરયુવાન વયે વૈધવ્યનું કારમું દુઃખ

આવી પડ્યું હતું છતાં હિંમત હાર્યા વિના નીરૂબેને કિરણને છાતી સરસો ચાંપીને આઘાત જીરવી લીધો હતો. રહેવા માટે પોતાનું ટેનામેન્ટનું ઘર તો હતું જ અને એમના પતિ કિરીટભાઈ જી.ઇ.બીમાં જોબ કરતા હતા ત્યાં એમને જોબ મળી ગઈ. એટલે તેઓ કોઈના ઓશિયાળા ના રહ્યા.

માને દીકરો ભવિષ્યના સ્વપ્ના જોતાં અન્યોન્યને હૂંફ આપતા જીવે ગયાં. કિરણ ભણવામાં હોશિયાર હતો. એ ભણી રહ્યો ને સારા ઠેકાણે જોબ મળી. હવે નીરૂબેનને દીકરો પરણાવવાની તાલાવેલી જાગી ને એમણે કન્યાઓ જોવા માંડી.

મા અને દીકરાને કૃતિ પસંદ પડી. નીરૂબેનને થયું હવે એમના સંઘર્ષને અંત આવ્યો, તકલીફો ને હાડમારીનો અંત આવ્યો. હવે વહુ આવશે એટલે ઘરમાં નવી રોનક આવશે, તાજગી આવશે અને ઘર આનંદ કિલ્લોલથી ગાજતું થશે.

પણ તકદીરમાં આજીવન પરિશ્રમ અને વેદના લખાવીને આવેલાં નીરૂબેનના જીવનમાં આરામ અને સુખચેન ન હતાં. લગ્ન પછી વરઘોડિયાં વડીલોને આદરપૂર્વક પગે લાગે અને આશીર્વાદ લે એ પ્રથા મુજબ લગ્ન પછી કિરણ નીરૂબેનને પગે લાગ્યો હતો ને માએ દીકરાને બાથમાં લીધો હતો. પરંતુ કૃતિ તો વાંકી વળી જ ન હતી. સાસુને પગે લાગી ન હતી

વહુને હેતથી ગળે વળગાડવા ઝંખતા નીરૂબેન વહુના વર્તનથી હેબતાઈ ગયાં. વહુને બાથમાં લેવા લંબાયેલા હાથ એમ જ લટકી રહ્યા. વહુએ એમની સામે જોયુંય નહિ કે વહાલથી મમ્મી કહીને બોલાવ્યાં નહિ.

જ્યારે જુઓ ત્યારે કૃતિનું મોં ચડેલું જ હોય. નીરૂબેનના મનમાં હોંશ હતી કે પોતે કૃતિને ખૂબ લાડ લડાવશે પણ કૃતિ એવી અતડી રહી કે નીરૂબેન એની સાથે વાત કરવાનીય હિંમત ન કરી શક્યાં. કૃતિએ કદી એમને પોતાનાં ના ગણ્યાં.

નીરૂબેનની કિંમત એક નોકરાણી કહો કે મફત નોકરાણી જેટલી જ રહી અને કિરણે આ જોવા છતાં કૃતિને ટોકી નહિ. સવારના ઊઠીને નિરૂબેન રસોડામાં પેસે છે, ચા-દૂધ નાસ્તો તૈયાર કરે પછી કૃતિ આવે. તૈયાર ડિશો લઈને ડાઇનિંગ ટેબલ પર મૂકે ને કિરણને બોલાવે, પતિ-પત્ની નાસ્તો કરે પણ નીરૂબેનને બોલાવે નહિ કે પ્રેમથી એમની સામેય ના જુએ. કિરણ એટલુંય ના કહે કે મમ્મી તું આવ ને.

કૃતિના આવ્યા પછી કિરણે જાણે પરાયો થઈ ગયો હતો માને જાણે ઓળખતો જ નથી. નીરૂબેન વિચારે છે આ શું મારો દીકરો કિરણ છે? ઘરમાં ઝઘડા ના થાય, શાંતિ જળવાય અને ઘરની વાત બહાર ના જાય માટે નીરૂબેન ચૂપ જ રહ્યાં. મોંથી એક શબ્દય બોલતાં નથી કે ચહેરા પરે કોઈ ભાવ નથી લાવતાં. ચૂપચાપ બધું સહે જાય છે.

પણ કૃતિને તો કોઈ શરમ જ નથી. જમવા બેસે



**તેઓ બરાબર સ્વસ્થ થયા પછી તું પાછી આવી હતી ને અવારનવાર તું કાગળ લખતી હતી. અવારનવાર કાગળ લખતી હતી તેથી મારી ફરજ પતી ગઈ? મેં એમની સેવા નથી કરી તેથી એમની મિલકત પર મારો કોઈ હક ના પહોંચે.**

ત્યારે પોતાને તૈયાર ભાણું ખાવા મળે છે એનો ઉપકાર માનવાના બદલે દહીં ખાટું છે, શાક વઘારે પડતું ચડી ગયું છે, રોજ ને રોજ દાળ, કઢી કેમ નથી બનાવી એવી કચકચ કરતાં જરાય અચકાય નહિ.

આવું સાંભળે ને નીરૂબેન ગુસ્સાથી તમતમી જાય. તડ ને ફડ કરવાનું મન થઈ જાય પણ એમ કરીને શું મળવાનું એમ વિચારીને ચૂપ રહે. વહુની નફફટાઈને નાદાની ગણી લેતાં. કિરણને પણ એની ફરજનું ભાન કરાવતાં નથી. આમ એકાદ વર્ષ ગયું ને કિરણને કંપની તરફથી ફ્લેટ મળ્યો. કૃતિ ને કિરણ ફ્લેટમાં રહેવા ચાલ્યા ગયાં. ઘરમાંથી જે જે વસ્તુની જરૂર હતી એ વસ્તુઓ લેતા ગયાં પરંતુ નીરૂબેનને એક વારેય કહ્યું નહિ કે મમ્મી તમે અમારી સાથે ચાલો.

ઘર છોડ્યા પછી કિરણ ભાગ્યે જ કોઈ વાર મળવા આવતો. વારતહેવાર હોય તોય નીરૂબેન સૂના ઘરમાં એકલાં બેસી રહીને નિસાસા નાખતાં. જીવનના છેલ્લા દિવસોમાંય પોતાને શાંતિ ના મળી એનો વસવસો હતો.

ત્યાં બેંગલોરથી ચંદુકાકાના વસિયતનામાના સમાચાર આવ્યા અને બધે ફેલાયા. કિરણ ને કૃતિ દોડતાં આવ્યાં. મમ્મીના કાકાની મિલકતનો એમને મોહ લાગ્યો હતો, લાલચ જાગી હતી. જેમ બને એમ જલદીથી મિલકત હાથમાં લેવા માંગતા હતાં. તેથી નીરૂબેનને આત્મીયતાથી આગ્રહ કરતા હતા.

કિરણ કહેતો હતો મમ્મી હવે વિચારવાનું ના હોય ઝટ બેંગલોર પહોંચીએ અને મિલકતનો કબજો લઈ લઈએ.

"એમ હવે વિચારવાનું નહિ?" નીરૂબેને તીખા સ્વરમાં પૂછ્યું. માના અવાજની તીખાશથી કિરણ ચમકી ગયો, બોલતો અટકી ગયો પણ નીરૂબેન બોલે જતાં હતાં એ મિલકતનો કબજો લઈને હું શું કરું? આ ઉંમરે મિલકતને મારે શું કરવી છે ? મારાથી કોઈ વ્યવસ્થા ના થાય."

"પણ હું તો છું ને મમ્મી તું શું કામ ચિંતા કરે છે?"

"ના ભાઈ તારે નોકરી કરવાની..." "અરે મમ્મી, કાકાની લાખો રૂપિયાની મિલકત છે એ હાથમાં આવતી હોય તો પછી નોકરી જખ મારે છે."

"તું નોકરી નહિ કરે તો ખાઈશ શું ? તારે તારો સંસાર ચલાવવાનો છે." "મમ્મી કાકાની મિલકત મળશે પછી સંસાર ચલાવવાની ચિંતા જ ક્યાં રહેશે? પછી તો એ ય જલસા કરો કાંઈ પીને મઝા કરો." કિરણ બોલ્યો.

પરંતુ દીકરાની વાત સાંભળીને ગુસ્સાભર્યા અવાજે નીરૂબેન બોલ્યા, "આ ઉંમરે મારે જલસા શું ને મઝા શું ? મિલકત આવે એની સાથે વ્યવસ્થા અને સાચવવાની ચિંતાય વહોરવી પડે અને કાકાની મિલકત પર મને હકે શું પહોંચે ?"

"કેમ હક ના પહોંચે એ તને રાજીખુશીથી આપી ગયા છે. રીતસર લખાણ કર્યું છે સોલિસિટરને બધું સોંપ્યું છે. મમ્મી એ મિલકત તારી જ છે તું જ એક માત્ર વારસદાર છે."

"લોહીની સગાઈએ ભલે હું વારસદાર હોઉં અને મને બધું લખી આપ્યું એ કાકાની ઉદારતા, મોટાઈ, એમનું હેત પણ એમની સેવા ચાકરી મેં કદી નથી કરી, એમને એક લોટો પાણી પાવાય ગઈ નથી અને હવે ક્યા મોંએ જાઉં ?"

"મમ્મી કાકાની માંદગીના સમાચાર મળ્યા જ નહિ પછી તું ક્યાંથી સેવા કરવા જઈ શકે ? જે સમાચાર મળ્યા એ એમના મરણના સમાચાર હતા અને કાકી તો વરસો પહેલાં ગુજરી ગયાં અને ત્યારે સમાચાર સાંભળીને તરત તું મળવા ગઈ હતી. ત્રણેક મહિના રહી હતી એ મને બરાબર યાદ છે. કાકાને તેં અહી આવવાનું પણ કહ્યું હતું. એ એમનો કારોબાર મૂકીને અહી આવે શકે એમ ન હતા. તેથી તેઓ બરાબર સ્વસ્થ થયા પછી તું પાછી આવી હતી ને અવારનવાર તું કાગળ લખતી હતી."

"અવારનવાર કાગળ લખતી હતી તેથી મારી ફરજ પતી ગઈ? મેં એમની સેવા નથી કરી તેથી એમની મિલકત પર મને કોઈ હક ના પહોંચે."

નીરૂબેનની સ્પષ્ટ અને મક્કમ વાણી સાંભળીને કિરણ અને કૃતિ થીજી ગયા. તેઓ જાણતા હતા કે નીરૂબેન જે બોલે એ કરે જ.